જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૧/૨૦૧૪ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૯૨૭/૧૪**

**નવરંગપુરા પોલીસ સ્ટેશન :-**

નવરંગપુરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૧૫૭/૨૦૧૪ ઇપીકો.કલમ ૩૯૨,૩૪૨,૩૪ મુજબના કામમા હકીકત એવી છે કે આ કામના ફરિયાદી સુનિલ રામ આશરે યાદવ ઉ.વ. ૨૩ ધંધો નોકરી રહેવાસી. હાલ એ/૨ સુંદર એપાર્ટમેન્ટ, જુની હાઇકોર્ટની બાજુમા, આશ્રમ રોડ, અમદાવાદ તથા એ/૭૪ ભગવતી સોસયટી, પ્રગતિ સ્કુલ પાછળ, જનતા નગર સાબરમતી અમદાવાદ તથા આ કામના સાહેદો તા૨૯/૧૧/૨૦૧૪ ના રાત્રીના પોતાની ઓફીસ (મકાન) મા આરામ કરતા હતા તે વખતે સવારના સાડા ચારથી પાંચ વાગ્યાની આસપાસ ત્રણ અજાણ્યા માણસો ફરિયાદીની રુદ્ર એડ્વેટાઇઝ ની ઓફિસ કે જે, એ/૨ સુંદર એપાર્ટમેન્ટ, જુની હાઇકોર્ટની બાજુમા, આશ્રમ રોડ, ખાતે આવેલ છે તેનો દરવાજો ખખડાવતા ફરિયાદી નાઓએ દરવાજો ખોલતા પોતાની પાસેના છરી તથા લાકડી જેવા હથીયારો વડે ફરિયાદી તથા સાહેદોને બીક બતાવી ફરિયાદી તથા સાહેદોને બાથરુમમા પુરી દઇ બાથરુમનો દરવાજો બહારથી બંધ કરી ફરિયાદી તથા સાહેદો પાસેથી લેપટોપ, કાંડા ઘડીયાળ તથા મોબાઇલ ફોન તથા રોકડા રુપીયા વિગેરે ચીજ વસ્તુ મળી કુલ્લે કિંમત રુપીયા ૧,૩૧,૦૦૦/-ની મત્તાની લુંટ કરી ઓફિસનો મુખ્ય દરવાજો બહારથી બંધ કરી નાસી ગયેલ હોય ફરીયાદીની ફરીયાદ આધારે ઉપરોક્ત નંબરથી ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે

બાદ આ ગુનાની તપાસ દરમ્યાન આ કામના ફરિયાદીને રાત્રીના કોણ મળવા આવેલ તે બાબતે પૂછ્પરછ કરતા તેઓને મળવા આવનાર વ્યક્તીઓની માહીતી આપતા તેઓ ધ્વારા મળેલ માહીતી આધારે નં (૧) યગ્નેશ સ/ઓ જ્યંતીભાઇ છનાભાઇ શર્મા ઉ.વ ૨૩ રહે-૩૩, શિવકુંજ સોસાયટી, બંસી પાર્ટીપ્લોટની સામે ગામ-બારેજા તા- દસકોઇ જી- અમદાવાદ તથા નં (૨) અભિષેક વિપુલભાઇ ગજ્જર ઉ.વ ૨૨ રહે-૩૮ આર્યવત સોસાયટી. સ્વામીનારાયણ મંદીરની બાજુમા ગામ- બારેજા તા- દસકોઇ જી -અમદાવાદ નાઓને બોલાવી પૂછ્પરછ કરતા પ્રથમ આ ગુનાસબંધે કોઇ ફળદાયક હકીકત જણાવેલ નહી ત્યારબાદ સદરી બન્ને ઇસમોને વિશ્વાસમા લઇ યુક્તી પ્રયુક્તીથી પૂછ્પરછ કરતા આ ગુનાની કબુલાત કરેલ જેથી ઉપરોક્ત બન્ને આરોપીઓને તા **<u>૩૦/૧૧/૧૪ના કલાક ૧/૧૦ વાગે અટક</u>** કરવામાં આવેલ અને તેઓ સિવાય આ ગુનામા અન્ય ત્રણ આરોપીઓ (૩) ઉર્વિશ ઉર્ફે મેહુલ સ/ઓ ઘનશ્યામભાઇ લક્ષ્મણભાઇ ચૌહાણ રહે-ઉંડીફળી ગામ-વસઇ તા-દસકોઇ જી અમદાવાદ તથા નં (૪) ગોપી બહાદુરસિંહ ચૌહાણ રહે-ગામ-વસઇ તા-દસકોઇ જી અમદાવાદ તથા નં (૫) કાકુભા દિલીપસિંહ ચૌહાણ રહે ગામ-વસઇ તા-દસકોઇ જી અમદાવાદ નાઓ સંડોવાયેલ હોવાનુ જણાવતા તેઓ બાબતે તપાસ કરાવતા મળી આવેલ નહી.

બાદ આ કામે પકડાયેલ આરોપીઓની પૂછ્પરછ દરમ્યાન આ ગુનાના મુદ્દામાલ પૈકી બે લેપટોપ તથા બે મોબાઇલ ફોન તથા રોકડ નાણા રુપિયા ૧૨૫૦૦/ આરોપી અભિષેક ગજ્જર ના ઘરે સંતાડેલાનુ જણાવતા તેને સાથે રાખી સદરીના ઘરેથી પંચો રુબરુ બે લેપટોપ તથા બે મોબાઇલ ફોન તથા રોકડ નાણા રુપિયા ૧૨,૫૦૦/- ગુનાના કબ્જે લીધેલ છે અને પકડાયેલ આરોપીઓના રિમાન્ડ મેળવવાની તથા આ ગુનાના સહ આરોપી તથા અન્ય મુદ્દામાલ બાબતે તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.